અપીલ અરજી નં.૨૬૪ તા.૨૩–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી દિનેશભાઈ કલાભાઈ ચૌહાણ
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી (તમામઝોન)અને સ્લમ અપગ્રેડેશન સેલ
ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી જન સપંર્ક
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ શ્રી દિનેશભાઈ કલાભાઈ ચૌહાણની મા. મુખ્ય મંત્રીના ખાસ ફરજ ઉપરના અધિકારીને લખાયેલ તા.૬–૧૦–૧૦ ની અપીલ અરજી મહાનગરપાલિકા અપીલ અધિકારી હેઠળ સુરત મહાનગરપાલિકાને અપીલ તબદીલ થયેલ છે. જે બાબતે અપીલ ચલાવવા અરજદારની તા.૨–૩–૧૦ મુળ અરજીની તબદીલી પત્રની નકલ મોકલવા બાબત તથા ન થઈ હોય તો આ સાથેની અરજીના કાગળો તબદીલી સમજી માહિતી આપવા અને ત્યાર બાદ અપીલની પૂરક માહિતી પૂરી પાડવા બાબત.

સંદર્ભઃ– (૧)પંચાયતગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ પત્ર ક્રમાંક આરટીઆઈ/૧૦ /૨૦૧૦/૧૯ડી તા.૩૦–૧૦–૧૦
(૨) આપની તા.૨૩–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૬૪/૨૦૧૦–૧૧

અરજદારે મા. મુખ્યમંત્રીશ્રીના કાર્યાલય અગ્રસચિવ તથા અન્ય સચિવલય ગાંધીનગરને તા.૨–૩–૧૦ થી ગરીબ કલ્યાણમેળા અને સ્વર્ણિમ ગુજરાતના ખર્ચ અંગેની વિગતો માંગતી અરજી કરેલ. જેની સામે મા.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવને તા.૬–૧૦–૧૦ થી અપીલ અરજી કરેલ. જે જાહેર માહિતી અધિકારી અને ઉપસચિવ પંચાયતગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફથી તા.૨૩–૧૧–૧૦ ના રોજ સર્વે કમિ.શ્રીઓ, મહાનગરપાલિકાઓ અને અપીલ અધિકારીઓશ્રી હેઠળ સુરત મહાનગરપાલિકાને તબદીલ થયેલ. જે બાબતે માહિતી અંગેની વિગતો નહીં મળવાના કારણે અરજદારે નારાજ થઈ અગ્ર સચિવ ગાંધીનગરને અપીલ અરજી કરેલ છે જે અત્રે કમિ. શ્રી મહાનગરપાલિકા અપીલ અધિકારી તરીકે સુરતને તબદીલ થયેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને અત્રેના આરટીઆઈ સેલ/૯૮૫ તા.૨૬–૧૧–૧૦ થી શ્રી સી.એસ.રાજપાલ, જાહેર માહિતી અધિકારી અને નાયબ સચિવ,પંચાયતગામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, (૨)જે.પી. મોઢા, મા. મુખ્ય મંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારી, અગ્ર સચિવનું કાર્યાલય,ગાંધીનગર ને કમિશનરશ્રીઓ,મહાનગરપાલિકાઓ અને અપીલ અધિકારી તરીકે સુરત મહાનગરપાલિકાને અરજદાર શ્રી દિનેશભાઈ કલાભાઈ ચૌહાણની અપીલ અરજી અત્રે તબદીલ કરવામાં આવેલ છે. જે બાબતે અપીલ ચલાવવા અરજદારની મુળ અરજી અત્રે તબદીલ કરવામાં આવેલ હોય તો તેના પત્રની નકલ વિગતસહ મોકલવા પત્ર પાઠવવામાં આવેલ તેમજ સુરત મહાનગરપાલિકાના જાહેર માહિતી અધિકારીઓને અરજદારની મૂળ અરજી તા.૨–૩–૧૦ ની તબદીલી અંગેનો પત્ર અને જો માહિતી આપેલ હોય તો તેની નકલ, જો માહિતી ન આપી હોય તો આ તબદીલ પત્ર ગણી અરજદારને માહિતી પૂરી પાડયા બાદ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેઓનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૯૮૪ તા.૨૫–૧૧–૧૦ થી જાહેર માહિતી અધિકારી (તમામઝોન), ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી જન સપંર્ક, ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને તેમના તરફથી અગ્ર સચિવ કાર્યાલય, ગાંધીનગરને તા.૨–૩–૧૦ થી કરેલી માહિતી માગતી અરજી સામે તા.૬–૧૦–૧૦ થી કરેલ અપીલ કમિશનરશ્રીઓ,મહાનગરપાલિકાઓ અને અપીલ અધિકારી તરીકે સુરત મહાનગરપાલિકાને તબદીલ થયેલ છે જેથી અપીલ ચલાવવા તેમના તરફથી તા.૨–૩–૧૦ ના રોજ કરેલ મુળ અરજીનો સુરત મહાનગરપાલિકાને થયેલ તબદીલી અંગેના પત્રની નકલ અપીલ ચલાવવા આવશ્યક હોઈ તે મોકલી આપવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૫૭૩૮ તા.૪–૧૨–૧૦ થી પૂરક વિગતો મળેલ છે.જેમાં નોંધ વિભાગ તથા અરજદારને આપેલ માહિતી અંગેનો પત્ર નં.૫૬૮૪ તા.૩–૧૨–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. ડે.કમિ.(પીએન્ડડી) તરફથી પત્ર નં.ટીપીડી/૩૮૨ તા.૪–૧૨–૧૦ થી પૂરક વિગતો મળેલ છે. જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર ન.એસયુસી/આ.નં.૧૩૮૮ તા.૮–૧૨–૧૦ થી અરજદારને આપેલી માહિતીની નકલ પૂરક વિગતોમાં પૂરી પાડેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી વેસ્ટઝોન/ આરટીઆઈ/આ.નં.૫૬૦ તા. ૬–૧૨–૧૦ થી પૂરક વિગતોમાં તબદીલ અરજી નહીં મળ્યાનું જણાવેલ છે તથા અરજદારને વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૬૨૯

તા.૩–૧–૧૧ થી ખર્ચની માહિતી નીલ છે તેવું જણાવેલ છે. મ.જાહેર માહિતી અધિકારી (જનસંપર્ક) તરફથી નં.પીઆરઓ/૮૮૮ તા.૨૦–૧૨–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગેનો પત્ર નં.પીઆરઓ/૮૮૭ તા.૨૦–૧૨–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જાહેર માહિતી અધિકારી સા.વે.ઝોન/અઠવા તરફથી પૂરક વિગતોમાં અરજદારને સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/૧૦૯૯ તા.૨૦–૧૨–૧૦ થી આપેલ માહિતીની નકલ પૂરક વિગોમાં પૂરી પાડેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પૂરક વિગતોમાં પત્ર નં.સા.ઈ.ઝોન/ મહેકમ/આ.નં.૩૨૯૫ તા.૧૬–૧૨–૧૦ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ તથા અરજદારને આપેલી માહિતી અંગેનો પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૨૯૩ તા.૧૬–૧૨–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, ઉધનાઝોન અને વરાછાઝોન તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૨–૩–૧૦ થી મા.મુખ્ય મંત્રીના કાર્યાલય અગ્રસચિવ તથા અન્ય સચિવો ગાંધીનગરને સંબોધીને તા.૨–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં અરજદારને ગરીબ કલ્યાણમેળામાં જે ખર્ચ કરવામાં આવ્યો હોય તેની માહિતી તથા ગુજરાત સરકારીશ્રીએ જે ગરીબોના કલ્યાણમેળા યોજી જે ગરીબોને સહાય આપી હોય તેની માહિતી માંગતી અરજી ગાંધીનગર ખાતે કરવામાં આવેલ. જે અરજી અત્રે તબદીલ થયેલ નથી. પરંતુ ત્યાર બાદ અરજદારે તા.૬–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી મુખ્યમંત્રીશ્રી કાર્યાલય અગ્રસચિવને અપીલ અરજી કરેલ. જે જાહેર માહિતી અધિકારી અને નાયબ સચિવ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ કક્ષાએથી સર્વે કમિ.શ્રીઓ, મહાનગરપાલિકાઓ અને અપીલ અધિકારી તરીકે સંબોધીને અપીલ તબદીલી પત્ર ક્રમાંક આરટીઆઈ/૧૦ /૧૯ડી તા.૩૦–૧૦–૧૦ થી લખાયેલ તા.૨૩–૧૧–૧૦ ના રોજ સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરીની મધ્યસ્થ ઓફિસને મળેલ . જેના અનુસંધાને અત્રે અપીલ નં.**SMC/FAP/** નં.૨૬૪/૨૦૧૦–૧૧ તા.૨૩–૧૧–૧૦ થી નોંધાયેલ છે. જેમાં અરજદારે જે માહિતી માંગી છે તેમાં એક પણ માહિતી આવી નથી જેમાં લાભાર્થીઓને ચૂકવેલ નાણાની માહિતી આવી છે તેમાં સરકારી અધિકારીઓ તથા ઓફિસ ખર્ચ તથા એસટી ખર્ચ બીજા વાહનોના ખર્ચ તથા હોમગાર્ડનો ખર્ચ તેમજ હવાઈમાર્ગેથી આવતા ખર્ચના હિસાબની માહિતી આવતી નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે અંગે સુરત મહાનગરપાલિકાના જાહેર માહિતી અધિકારી તમામઝોન અને સ્લમ અપગ્રેડેશન સેલ, ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી, ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી જનસપંર્ક તમામને અરજદારની મુળ અરજી તબદીલી અને આપેલ અથવા આપવા જોગ માહિતી અંગેની વિગતો માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં.એસયુસી/આ.નં.૧૩૮૮ તા.૮–૧૨–૧૦ થી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૫૬૮૪ તા.૩–૧૨–૧૦ થી મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી, જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી મુદ્દા નં.૪ ની માહિતી, જાહેર માહિતી અધિકારી જનસંપર્ક તરફથી મુદ્દા નં.૭ ની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૬૨૯ તા.૩–૧–૧૧ થી ,જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સાઈ.ઝોન/મહેકમ/૩૨૯૩ તા.૧૬–૧૨–૧૦ થી તથા ડે.કમિ.(પીએન્ડડી) ટીપીડી/૩૮૨ તા.૪–૧૨–૧૦ થી અત્રેના ઝોન/ ખાતા માં સ્વર્ણીય ગરીબ કલ્યાણ મેળા અંગે કોઈ ખર્ચ થયેલ નથી તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૧ ગુજરાત રાજયમાં જે ગરીબ કલ્યાણ મેળામાં જે સહાય અપાઈ છે તેમાં કેન્દ્ર સરકારની સહાય કેટલી અને રાજય સરકારની કેટલી અને નવી સહાય આપે છે તેમજ ગરીબોને જે સહાયનું જે વિતરણ થાય છે તેમાં મોટા ભાગની સહાય માત્ર કાગળ ઉપર જ રહે છે. જેના પતાકા અપાયા છે તે પતાકા લઈ લાભાર્થીઓને સરકારી કચેરીઓમાં કાયમી ધકા ખાય છે તે સહાય કયારે આપવાની છે. ગરીબ કલ્યાણ મેળામાં જે મુડીવાદીઓને જે ચેકો અપાયા છે તેમાં મોટા ભાગે એવા લોકો છે કે જેને આવી સહાયની કોઈ જરૂર નથી તેમાય જે ભાજપ પાર્ટીને માનવાવાળાને વધુ લાભ મેળવેલ છે. આની આખા ગુજરાતમાંથી સર્વે કરી જે લાભો લાભાર્થી સુધી પહોંચ્યા છે આની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાના સ્લમ અપગ્રડેશન વિભાગ તરફથી શહેર વિસ્તારની સ્થળાંતર પાત્ર ઝુંપડપટ્ટીઓમાં શહેરી ગરીબો માટેની આવાસ યોજના /ઈડબલ્યુએસ આવાસ યોજનાની મંજુર ફાળવણી નિતી અનુસાર જે લાભાર્થીઓ આવાસ મેળવવા પાત્ર ઠરે છે તેવા ૩૩૯૫ લાભાર્થીઓએ ગરીબ કલ્યાણ મેળામાં લાભ લીધેલ છે. તેનું નાણાંકીય મુલ્ય રૂા.૪૨૦૩.૯૫લાખ છે. સદર નાણાંકીય સહાયના મુલ્યમાં કેન્દ્ર સરકારના ૫૦ ટકા ફાળાની રકમ તથા રાજય સરકારના ૨૦ ટકા ફાળાની રકમનો સમાવેશ થાય છે. સુરત મહાનગપલિકાના તમામ ઝોન મળી સરકારીશ્રીની વ્યકિતગત શૌચાલય યોજના અંતર્ગત મંજુર નિતી અનુસાર ૮૬૯ લાભાર્થીઓએ ગરીબ કલ્યાણ મેળામાં લાભ લીધેલ છે. જેનું નાણાકીય મુલ્ય રૂા.૫૨.૧૪ લાખ છે જેમાં રાજય સરકારની તથા સુરત મહાનગરપાલિકાની ૧૦૦ ટકા સહાય છે. ગરીબ કલ્યાણ મેળામાં ઉપરોકત કિસ્સામાં નાણાકીય સહાયનું મુલ્ય દર્શાવેલ છે. તે મુલ્ય બાંધકામ ખર્ચમાં આવરી લેવાયેલ છે. '' તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ ગુજરાત સરકાર જે હાલ ગરીબોના હામી થઈને ગરીબ કલ્યાણ મેળાઓ યોજી રહી છે આખા ગુજરાત રાજયમાં પચાસ જેટલા મેળાઓ યોજી ગરીબોને જે પ્રોત્સાહન મળવું જોઈએ તે મળેલ નથી. તો આ મેળામાં જે ગરીબો દુખી થયા છે તેમાં જે સરકારી નોકરીયાતો અને અધિકારીઓએ જે ગરીબોને જે ધકે ચડાવ્યા તેની દશા કેવી થઈ તેનું સર્વે કરવા આ જે ગરીબ કલ્યાણ મેળાઓ યોજવા પાછળનું કારણ શું આમા ગરીબી કેટલી ઓછી થઈ તેની વિગતો આપવા તેમજ જે હાલની સરકાર તરફથી નવી કઈ યોજનાનો લાભ આ ગુજરાતના ગરીબોને અપાયો તેમાં સાથણીમાં

જમીનો અપાઈ મફત મકાન પ્લોટો અપાયા ગરીબોને રહેવા ઝુંપડા નથી તેના માટે નવા મકાનો અપાયા ગરીબોના બાળકોને શિક્ષણ મળતું નથી તેમાં કયા બાળકને મફત શિક્ષણ અપાયું તેની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગુજરાત સરકાર ધ્વારા જે તે વ્યકિતલક્ષી યોજનાના પાત્ર લાભાર્થીઓને ઓળખી કાઢી જરૂરીયાત મુજબ અને સમયસર લાભ આપી શકાય તે હેતુસર રાજયમાં જિલ્લા કક્ષાએ ગ્રામ્ય વિસ્તારોમાં તેમજ શહેરી વિસ્તારોમાં ગરીબ કલ્યાણ મેળાનું અયોજન કરવાનો મુખ્ય ઉદ્દેશ છે. ઉકત મુદ્દા નં.૧ સ્લમ અપગ્રેડેશન વિભાગને સ્પર્શતા ૩૩૯૫ લાભાર્થીઓને ઈડબલ્યુએસ આવાસ ફાળવી સરકારશ્રી જવાહરલાલ નેશનલ અર્બન રીન્યુઅલ મિશનના સબ મિશન બેઝીક સર્વીસીસ ટુ અર્બન પુઅર અંતર્ગતની યોજનાનો લાભ ગરીબ કલ્યાણ મેળા હેઠળ આપવામાં આવેલ છે. તથા તમામ ઝોનને સ્પર્શતા ૮૬૯ લાભાર્થીઓને વ્યકિતગત શૌચાલય બનાવી આપી સરકારીશ્રીની નિર્મળ ગુજરાત શૌચાલય યોજના અંતર્ગત વ્યકિતગત શૌચાલય યોજનાનો લાભ ગરીબ કલ્યાણ મેળા હેઠળ આપવમાં આવેલ છે. '' તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ હાલમાં જે ગરીબ કલ્યાણ મેળાને નામે માણસો ભેળા કરવા પાછળ કેટલો ખર્ચ સરકારે કર્યો ગુજરાતના તમામ જિલ્લાવાર કેટલો ખર્ચ થયો જિલ્લાના તમામ સરકારી અધિકારીઓ મેળાના અગાઉ જે એક માસ સુધી તૈયારીઓ કરી જે સરકારી બીજો વહીવટ હતો તે ઠપ્પ થઈ ગયો હતો આમ જિલ્લાવાર ગરીબ કલ્યાણ મેળાને નામે કેટલો ખર્ચ થયો જે સરકારી વાહનો દોડતા અને ડ્રાઈવરોના પગાર તે વાહનોમાં કેટલો ડીઝલનો જથ્થો વપરાયો તેની વિગતો આપવા ખાનગી વાહનો કેટલા ભાડે રખાયા તેનો કેટલો ખર્ચ જિલ્લાવાર થયો સરકારી અધિકારીઓ, આંગણવાડીની બહેનો, શિક્ષકો તેમજ અન્ય કચેરીના કર્મચારીઓના પગારો ભથ્થાઓ કુલ મળી કેટલો ખર્ચ થયો ત્યાર પછી પોલીસ હોમગાર્ડ તેમજ એસઆરપી તેમજ બીજી બટાલીયાનો ના પગાર ભથ્થાનો કેટલો ખર્ચ જિલ્લાવાર તેની સંપૂર્ણ વિગતવાર માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાએ તા.૧૮–૭–૧૦ થી તા.૨૩–૭–૧૦ અને તા.૮–૮–૧૦ ના રોજ કુલ ૩ ગરીબ મેળાનું આયોજન કરી સંપન્ન કરેલ છે. સદર યોજેલ ગરીબ મેળાઓમાં સુરત મહાનગરપાલિકાના સ્લમ અપગ્રેડેશન વિભાગ મારફત આવાસ ફાળવણી સર્ટીફીકેટ તથા શૌચાલય કાર્યારંભ આદેશો તેમજ ફલેક્ષ બેનરો વિગેરેનો કુલ રૂા.૨,૨૩,૦૬૧/– નો ખર્ચ થયેલ છે. તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી કતારગામ તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૫૬૬૪ તા.૩–૧૨–૧૦ થી કતારગામ ખાતે તા.૧૮–૭–૧૦ ના યોજાયેલ ગરીબ મેળામાં કમાન ગેઈટ બેનર ફ્રેમીંગ તથા ફલેક્ષ બેનર ના રૂા.૮૮,૦૬૪/– તથા ભાડેથી રાખવામાં આવેલ ડીઝલ જનરેટર સેટના રૂા.૨૨,૩૧૪.૩૨/– ખર્ચ થયેલ જણાવેલ છે. વધુમાં નોર્થઝોનના અધિકારીઓ/કર્મચારીઓએ તેઓના ફરજના ભાગરૂપે કામગીરી બજાવેલ છે તેમજ ફરજના ભાગરૂપે મહાનગરપાલિકાના વાહનનો જ ઉપયોગ કરવામાં આવેલ હોય સદર બાબતે કોઈ વધારાનો ખર્ચ થયેલ નથી જે જાણશો. તેવું જણાવેલ છે. મુદ્દા નં. ૪ ગરીબ કલ્યાણ મેળાઓ જે જગ્યાએ યોજવામાં આવતા તે જગ્યાએ જે સમયાણા મંડપો ગોઠવવા શો કરવા અધિકારીઓ પદાધિકારીઓને રહેવા ગેસ્ટ હાઉસો ગરીબ મેળાઓમાં જે જવાનો વ્યવસ્થાઓ ચા ના સ્ટોલો આ બધાની પાછળ કેટલો ખર્ચ થયો આ બધો ભંડોળ ગુજરાત સરકારે કર્યો કે કોઈ દાતાઓ પાસેથી લીધો આ ગરીબ કલ્યાણ મેળામાંસરકારે આ જે ખર્ચ કર્યો તેમાં કેટલા અબજ અને કેટલા કરોડ વાપર્યા તેમાં ગરીબોને કયા લાભ થયો અને સરકારનું શું લાભ થયો આવી જે યોજનાઓનો લાભ ગરીબોને અપાયો તેમાં કેન્દ્ર સરકાર ધ્વારા આ ગરીબ મેળામાં કેટલી સહાય અપાઈ તેની માહિતી આપવા બાબત.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગરીબ મેળાઓ જે જગ્યાએ યોજવામાં આવતા તે જગ્યાએ સમયાણા મંડપો ગોઠવવા શો કરવા અધિકારીઓ/પદાધિકારોઅને રહેવા ગેસ્ટ હાઉસો ગરીબ મેળામાં જે જમવાની વ્યવસ્થાનો, ચા ના સ્ટોલો વગેરેનો ખર્ચ સ્લમ અપગ્રેડેશન વિભાગ ધ્વારા કરવામાં આવ્યો નથી અન્ય વિગત જેમકે કેન્દ્ર સરકાર ધ્વારા આપવામાં આવેલ સહાયનો ઉલ્લેખ મુદ્દા નં.૧ માં કરવામાં આવ્યો છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૫૬૮૪ તા.૩–૧૨–૧૦ થી નોર્થઝોન કતારગામ ખાતે તા.૧૮–૭–૧૦ ના રોજ યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં થયેલ ચા નાસ્તો અને પીવાનું પાણી વિગેરેનો રૂા.૩૯,૧૪૮/– નો ખર્ચ થયેલ છે . જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી તા.૨૩–૭–૧૦ ના ગરીબ કલ્યાણ મેળામાં સ્ટેજ બેઠક તથા સ્વાગત કમાન વિગેરે રૂા.૨,૬૮,૫૩૫/– સાઈન બોર્ડ વિગેરેના પ્રિન્ટીંગ કામગીરી રૂા.૭૬૩૧/– , સાઉન્ડ સીસ્ટમ રૂા.૬૭૫૦૮/–, સ્કીન પ્રજેકટર રૂા.૩૬૫૦૦/– , લાઈટીંગ રૂા.૧૩૯૭૩/– તથા તા.૮–૮–૧૦ ના રોજ લોક કલ્યાણ મેળામાં સ્ટેજ બેઠક વ્યવસ્થા તથા સ્વાગત કમાન વિગેરે રૂા.૨,૭૮,૫૫૦/– સાઈન બોર્ડ વિગેરેના પ્રિન્ટીંગ કામગીરી રૂા.૨૨૮૫/– , સાઉન્ડ સીસ્ટમ રૂા.૭૦૫૦૮/–, સ્કીન પ્રજેકટર રૂા.૩૬૫૦૦/– , લાઈટીંગ રૂા.૧૫૯૬૯/– નો ખર્ચ થયેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં. (૫) આ ગરીબ મેળામાં સરકારે જે એસટીની બસોનો ઉપયોગ કરતાં કર્યો તેમા દરેક મેળામાં કેટલી બલો રોકાઈ આ બસોના ભાડા ડ્રાઈવર કંડકટરના પગારો એસટીમાં ડીઝલનો કેટલો જથ્થો ગયો તેની વિગતો આવા મેળાઓમાં એસટીને નિગમને કેટલો લાભ થયો તેમજ એસટીની બસોમાં જે સરકારે ખર્ચ ચડાવ્યો ગરીબોને મફત મેળાને સ્થળે લઈ જવા માટેના તમામ ખર્ચની વિગતો આપવા ગરીબ મેળામાં જે લોકો આવતા તે બધાના રોજ પડતા તેનો ખર્ચ કેટલો થાય આટલી મોટો મેળો ભરાઈ તેમાં કરોડો રૂપિયાની સહાયો અપાઈ તે બધા પૈસા કયાંથી આવ્યા તેની વિગત આપવા તેમજ ગરીબોના નામે હાલના વર્ષમાં આ સરકારે કેટલો ખર્ચ કર્યો તેની સંપૂર્ણ માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપરોકત બાબતે જણાવવાનું કે સદર મુદ્દામાં જણાવેલ માહિતી અત્રેના ખાતાને સ્પર્શતી ન હોય ખાતામાં ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ છે. મુદ્દા નં.૬ આ ગરીબ કલ્યાણ મેળામાં જવા માટે પદાધિકારીઓને વિમાન માર્ગે જવા માટે હેલીકોપ્ટરો અને ચાર્ટર પ્લેનો અને કમાન્ડો બુલેટપ્રુફ ગાડીઓ મુખ્ય મંત્રીના રક્ષણ પાછળ કેટલો ખર્ચ થયો આટલો બધો ખર્ચ ગરીબો પાછળ કર્યો તેમાં ગરીબો કેટલા સુખી થયા તેની વિગતો આપવા ગરીબ કલ્યાણ મેળાને નામે

જે અઢળક પૈસો વપરાયો અને દાતાઓ પાસેથી દાન કેટલું આવ્યું તેમજ ગરીબ કલ્યાણ મેળાને અગાઉ જે બેનરો માટે મોટા પડદાઓ લગાવીને જે હોર્ડીગ ઉભા કરતાં તેનો કેટલો ખર્ચ થયો તેની માહિતી આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપરોકત બાબતે જણાવવાનું કે અત્રેના ખાતા મારફત કરવામાં આવેલ ફલેક્ષ બેનરોના ખર્ચ મુદ્દા નં.૩ માં જણાવેલ છે. અન્ય માહિતી અત્રેના ખાતામાં ઉપલબ્ધ નથી. મુદ્દા નં.૭ સ્વર્ણીયમ ગુજરાતને નામે મોટા મોટા પોસ્ટરો લગતી તેમાં જાત જાતના ચિત્રો લગાવવા તેમાં કેટલો ખર્ચ થાય છે. તેની વિગતો આપવા તેમજ સ્વર્ણીયમ ગુજરાતને નામે જે જિલ્લે જિલ્લે જે રથ કાઢવામાં આવ્યો છે તેમજ સ્વર્ણીયમ ગુજરાતના નામે જે સાહિત્ય અને જે સીડી કેસટો વેપારીઓ તેમજ ભાજપને માનનારાઓને ઘરે ઘરે જે સાહિત્ય જે સરકારના ખર્ચે જે કરોડો રૂપિયાની ધુવાડો થાય છે તેની વિગતો આપવા. આટલી જંગી રકમોનો ખર્ચ કરીને પ્રજાને જાગૃત કરવાનો હેતુ માત્ર એક જ પાર્ટીનો પ્રચાર છે આવા ખર્ચ ઉપર કાબુ રાખી તે પૈસા પ્રજાના હીતમાં વાપરવામાં આવે તો ગુજરાત રાજયમાંથી ગરીબી હટી જશે આવા ખોટા ખર્ચા બંધ કરો તો ગુજરાતમાંથી મોંઘવારી ઓછી થશે માત્ર એક જ રાજય પુરતી મોંઘવારી હટાવીને દેશમાં રેકર્ડ સર્જો તો સ્વર્ણીયમ ગુજરાત થયું કહેવાઈ આ સ્વર્ણીયમ ગુજરાતના નામે કેટલો ખર્ચ થાય છે તેની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપરોકત બાબતે જણાવવાનું કે સ્વર્ણિમ ગુજરાતના નામે સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી જેથી સદર મુદ્દામાં જણાવેલ માહિતી અત્રેના ખાતામાં ઉપલબ્ધ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી જન સંપર્ક વિભાગ તરફથી તા.૧૮–૭–૧૦ , તા.૨૩–૭–૧૦ અને તા.૮–૮–૧૦ ના રોજ વર્તમાન પેપરોમાં જાહેરાત આપવા અંગેનો ખર્ચ રૂા.૨,૭૦૭૩૮/– તથા નિમંત્રણ કાર્ડનો ખર્ચ રૂા.૧,૨૯૦૦૦/– થયેલ છે તેવી માહિતી આપેલ છે. મુદ્દા નં.૮ મહીલા સંમેલન યોજવા અને મહિલાઓને ભેગા કરી તેના ઉધ્ધારની વાતો કરવી ભાષણો કરવા આવા મહીલા સંમેલન પાછળ કેટલો ખર્ચ થાય છે તેની વિગતો આપવા. મહિલાઓ ઉપર જે અત્યાચારો થાય છે જે બળત્કારો થાય છે મહિલાઓની સલામતી નથી ત્યારે મહિલાઓની સલામતી પાછળ કેટલો ખર્ચ કરે છે આની વિગતો આપવા પચાસ ટકા મહિલાઓને અનામત આપવામાં કયા વર્ગની મહિલાઓને આ લાભ થશે ગરીબોની મહિલાઓને આ પચાસ ટકા અનામતનો લાભ કેટલો થશે તેની વિગતો આપવા હાલની જે સરકારના પ્રધાનો જે પ્રવાસ કરે છે તેમાં કેટલો ખર્ચ કરે છે તેની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપરોકત બાબતે જણાવવાનું કે સદર મુદ્દામાં જણાવેલ માહિતી અત્રેના ખાતામાં ઉપલબ્ધ નથી. " તેવું જણાવેલ છે. આમ સ્લમ અપગ્રડેશન સેલ તરફથી મુદ્દા નં.૧ અને ૨ ની તમામઝોનની સંયુકત માહિતી તથા જન સંપર્ક વિભાગ તરફથી જાહેરાત અને નિમંત્રણ કાર્ડની સંયુકત માહિતી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં અરજદારે સરકારી અધિકારીઓ તથા ઓફિસ ખર્ચ અને વાહન ખર્ચ અંગેની માહિતી આપવામાં આવતી નથી તે અંગે પણ અત્રેથી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૫૬૮૪ તા.૩–૧૨–૧૦ થી નોર્થઝોનના અધિકારી/કર્મચારીઓએ તેઓની ફરજના ભાગરૂપે કામગીરી બજાવેલ છે તેમજ ફરજના ભાગરૂપે મહાનગરપાલિકાના વાહનનો ઉપયોગ કરવામાં આવેલ હોય સદર બાબતે કોઈ વધારાનો ખર્ચ થયેલ નથી તેવી માહિતી પૂરી પાડેલ છે. આમ અત્રેના સત્તા મંડળ હેઠળ યોજાયેલ તા.૧૮–૭–૧૦ ,તા.૨૩–૭–૧૦ , તા.૮–૮–૧૦ ના ગરીબ કલ્યાણ મેળાઓની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, ઉધનાઝોન અને વરાછાઝોન તરફથી આ અંગે કોઈ માહિતી પૂરી પાડવામા આવેલ જણાતી નથી તથા માહિતીના ઈન્કાર અંગે કલમ–૮,૯ કે ૧૧ હેઠળ કોઈ અપવાદનું કારણ જણાવેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૩–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, ઉધનાઝોન અને વરાછાઝોન તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સદર ત્રણેય ઝોનના જાહેર માહિતી અધિકારીઓને જણાવવામાં આવે છે. આ સિવાયની માહિતી અરજદરને પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી અંશતઃ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી (તમામઝોન)અને સ્લમ અપગ્રેડેશન સેલ, ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી જન સપંર્ક, ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી...જાણ તથા અમલ માટે .

(૨) શ્રી દિનેશભાઈ કલાભાઈ ચૌહાણ,